*ફોજદારી કેસ નં. ૯૩૬ / ૨૦૨૫*

*ચુકાદો*

सत्यमेव जयते

| | |
|---|---|
| **આંક** | |
| **દાખલ તારીખ** | ૧૮/૦૭/૨૦૨૫ |
| **રજીસ્ટર તારીખ** | ૧૮/૦૭/૨૦૨૫ |
| **નિકાલ તારીખ** | ૨૫/૦૩/૨૦૨૬ |
| **સમયગાળો** | **વર્ષ: માસ: દિવસ** |
| | ૦૦: ૦૮: ૦૭ |

---

**નખત્રાણાના મહે. અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**
**મુ. નખત્રાણા.**

---

**(નમૂનો–અ)**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | **૨૫/૦૩/૨૦૨૬** |
| ફોજદારી કેસ નંબર | **૯૩૬/૨૦૨૫** |
| પોલીસ સ્ટેશન / એફ.આઈ.આર. | **નખત્રાણા પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નં. ૧૧૨૦૫૦૩૫૨૫૦૩૭૨/૨૦૨૫** |
| ગુન્હો | **ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૧૦૬(૧), ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી), મોટર વ્હીકલ એક્ટની કલમ– ૧૭૭, ૧૮૪, ૧૩૪** |

| | |
|---|---|
| ફરિયાદી | **ગુજરાત સરકાર શ્રી** |
| વિધ્વાન એ.પી.પી.શ્રી | **એન.જે.પુજારા** |
| આરોપી | **ઈશાક હાજી ચવાણ**<br>ઉ.વ.૩૮, ધંધો–ડ્રાઈવીંગ,<br>રહે. મોટા ભાંડીયા, તા.માંડવી–કચ્છ. |
| આરોપીના વિ. વકીલશ્રી | **એ.એચ.ગુસાઈ** |

ચુકાદો

**(નમૂનો–બ)**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | **૨૧/૦૪/૨૦૨૫** |
| ફરિયાદની તારીખ | **૨૨/૦૪/૨૦૨૫** |
| ચાર્જશીટની તારીખ | **૧૯/૦૬/૨૦૨૫** |
| ચાર્જફ્રેમ/પ્લીની તારીખ | **૦૧/૧૦/૨૦૨૫** |
| પુરાવો શરૂ થયાની તારીખ | **૧૯/૧૧/૨૦૨૫** |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | **૧૧/૦૩/૨૦૨૬** |
| ચુકાદાની તારીખ | **૨૫/૦૩/૨૦૨૬** |
| સજાનો હુકમ સાંભળ્યાની તારીખ, જો હોય તો | |

**–:: આરોપીની વિગત ::–**

| ક્રમ | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડ્યા તારીખ | ગુન્હાની વિગતો | શું આરોપી નિર્દોષ કે સજા થયેલ તેની વિગત | સજાની વિગતો | ટ્રાયલ દરમ્યાન ભોગવેલ સજાના દિવસો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **ઈશાક હાજી ચવાણ** | ૩૦/૪/૨૦૨૫ | ૩૦/૪/૨૦૨૫ | ઉપર મુજબ | નિર્દોષ | – | – |

**(નમૂનો–ક)**

ફરિયાદપક્ષે/ બચાવપક્ષે/ કોર્ટપક્ષે તપાસવામાં આવેલ સાહેદોનું લીસ્ટ

(એ) ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા સાહેદો :

| **ક્રમ** | **આંક** | **સાહેદનું નામ** | **સાહેદનો પ્રકાર** |
|---|---|---|---|
| **૧** | ૬ | ભરત ભીખાભાઈ મહેતા | ફરિયાદી |
| **૨** | ૧૦ | સમરથસિંહ લાખીયારજી જાડેજા | સાહેદ |

| | | | |
|---|---|---|---|
| **૩** | ૧૨ | સંજયભાઈ ખેતાભાઈ ચૌધરી | સાહેદ |
| **૪** | ૧૩ | કિરણભાઈ શંકરલાલ મહેતા | સાહેદ |
| **૫** | ૧૪ | વિક્રમભાઈ રંગનાથભાઈ મહેતા | સાહેદ |

ફરિયાદપક્ષે / બચાવપક્ષે / કોર્ટપક્ષે અંકે પાડવામાં આવેલા દસ્તાવેજો :-

(એ) ફરિયાદપક્ષે અંકે પાડવામાં આવેલા દસ્તાવેજો :

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૭ | અસલ ફરિયાદ |
| ૨ | ૧૫ | સ્થાનિક જગ્યાનું પંચનામું |
| ૩ | ૧૬ | ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ-૬૩(૪)(સી) નું પ્રમાણપત્ર |
| ૪ | ૧૭ | મરણોત્તર પંચનામું |
| ૫ | ૧૮ | અટક પંચનામું |
| ૬ | ૧૯ | પી.એમ.નોટ |

## -:: ચૂકાદો ::-

**(૧)** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામેના આરોપી બોલેરો પીકઅપ વાહન રજી.નં. જી.જે.-૧૫-એ.વી.-૯૮૮૮ વાળી પોતાની કબ્જાની ગાડી પુરઝડપે બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી હરણપીરની દરગાહ પાસે મથલ પાસે રોડ ઉપર ફરિયાદીશ્રીના પિતરાઈ ભાઈ મરણજનાર ગોવિંદરામ દેવશીભાઈ મહેતાની હિરો કંપનીની એક્સટ્રીમ મોટરસાયકલ જેના રજી.નં. જી.જે.-૦૮-ડી.એફ.-૫૮૪૩ વાળી સાથે સામેથી ભટકાડી અકસ્માત કરી ફરિયાદીશ્રીના ભાઈને જમણા હાથે તથા જમણા પગે તથા શરીરે છોલછાલની ઈજાઓ તથા માથના ભાગે ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચાડી મોત નિપજાવી નાશી જઈ ગુન્હો કરેલ હોઈ નખત્રાણા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૫૦૩૫૨૫૦૩૭૨/૨૦૨૫ થી ફરિયાદ નોંધી, આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો મળી આવતા ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૧૦૬(૧), ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી), મોટર

*ચુકાદો*

વ્હીકલ એક્ટની કલમ– ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

**(૨)** ચાર્જશીટ રજૂ થયા બાદ આરોપીને હાજર રહેવા સમન્સ કરવામાં આવતા તેઓ પોતાના વકીલશ્રી મારફતે હાજર થતા બી.એન.એસ.એસ.કલમ–૨૩૦ મુજબ પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કરીને આરોપી વિરૂદ્ધ આંક–૩ થી તહોમતનામું ફરમાવી આંક–૪ થી આરોપીની પ્લી નોંધેલ છે, જેમાં આરોપીએ આક્ષેપ મુજબનો ગુન્હો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવા માંગણી કરેલ છે. જેથી કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૩)** ઉપરોકત પુરાવા સિવાય ફરિયાદપક્ષે વધુ કોઈપણ જાતનો પુરાવો રજૂ કરેલ નથી અને આ કામે ફરિયાદપક્ષે પોતાનો પુરાવો પૂરો થયાનું જાહેર કરેલ છે. ત્યાર બાદ આરોપી સામે પડેલ પુરાવા પરથી આરોપીનું બી.એન.એસ.એસ. કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન લેવામાં નથી.

ત્યાર બાદ આ કામે સરકાર તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિદ્વાન વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે, જેની ચર્ચા મુદ્દાની ચર્ચા સાથે સાંકળી લીધેલ છે.

**(૪)** સદરહુ કેસના ન્યાયિક નિર્ણય અને નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દાઓ :– **(૧)** શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર એવું સાબિત કરે છે કે, આ કામેના આરોપી બોલેરો પીકઅપ વાહન રજી.નં. જી.જે.–૧૫–એ.વી.–૯૮૮૮ વાળી પોતાની કબ્જાની ગાડી પુરઝડપે બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી હરણપીરની દરગાહ પાસે મથલ પાસે રોડ ઉપર

ફરિયાદીશ્રીના પિતરાઈ ભાઈ મરણજનાર ગોવિંદરામ દેવશીભાઈ મહેતાની હિરો કંપનીની એક્સટ્રીમ મોટરસાયકલ જેના રજી.નં. જી.જે.–૦૮–ડી.એફ.–૫૮૪૩ વાળી સાથે સામેથી ભટકાડી અકસ્માત કરી ફરિયાદીશ્રીના ભાઈને જમણા હાથે તથા જમણા પગે તથા શરીરે છોલછાલની ઈજાઓ તથા માથના ભાગે ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચાડી મોત નિપજાવી નાશી જઈ ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૧૦૬(૧), ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી), મોટર વ્હીકલ એક્ટની કલમ– ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૫) ઉપરોક્ત મુદ્દાઓ અંગેના મારા નિર્ણય નીચે મુજબ છે.

**મુદ્દા નં. (૧) નકારમાં.**

**મુદ્દા નં. (૨) આખરી હુકમ મુજબ.**

## <u>–:: નિર્ણય માટેના કારણો ::–</u>

(૬) આ કામે ફરિયાદપક્ષે આરોપી સામેનો આક્ષેપિત ગુન્હો પુરવાર કરવા માટે આંક–૬ થી ફરિયાદી સાહેદ : ભરત ભીખાભાઈ મહેતાને તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, આ કામના ગુજરનાર તેમના પિતરાઈભાઈ થતા હતા. બનાવ તા.૨૧/૦૪/૨૦૨૫ ના રોજ બનેલ હતો. બનાવ ના દિવસે તેઓ તેમના ગામ માંડકા ખાતે હતા ત્યારે રાત્રીના ૯:૦૦ વાગ્યાના અરસામાં મથલ ગૌશાળા ખાતે પશુચિકિત્સક તરીકે નોકરી કરતા સંજયભાઈનો તેમને ફોન આવેલ અને જણાવેલ કે તેઓના પિતરાઈભાઈ ગોવિંદરામ જે મથલ ગૌશાળામાં નોકરી કરે છે તેનું

મોટરસાયકલથી અકસ્માત થયેલ છે અને જણાવેલ કે નખત્રાણા થી મથલ ગૌશાળા આવતાં હતા ત્યારે નખત્રાણા તરફથી બોલેરો પીકઅપ વાહન જેના રજી.નં. જી.જે.–૧૫–એ.વી.–૯૮૮૮ વાળાના ચાલકે તેઓના મોટરસાયકલ સાથે અકસ્માત કરેલ છે અને તેઓને અકસ્માત થતાં સારવાર માટે નખત્રાણા સી.એચ.સી. ખાતે લઈ ગયેલ હતા અને ત્યાંથી વધુ સારવાર માટે કે.કે.હોસ્પિટલ, ભુજ ખાતે લઈ જઈ રહ્યા છે તેવી જાણ કરી ભુજ આવવા જણાવેલ જેથી ફરિયાદી સાહેદ તેમના મોટાભાઈ મનુભાઈ, તેમના પિતરાઈભાઈ વિક્રમભાઈ ફોર વ્હીલર કાર લઈને ભુજ રવાના થયેલ તે દરમ્યાન રસ્તામાં હતા ત્યારે સંજયભાઈનો ફોન આવેલ કે ગોવિંદરામને કે.કે. હોસ્પિટલના ડોક્ટરે મરણ ગયેલ જાહેર કરેલ છે જેથી પી.એમ. માટે જી.કે.જનરલ હોસ્પિટલ લઈ જાય છે જેથી તેઓ ભુજ જી.કે.જનરલ હોસ્પિટલ ખાતે ગયેલ અને ત્યાં ગોવિંદરામની ડેથ બોડી પી.એમ.રૂમમાં રાખવામાં આવેલ અને લાશનું પી.એમ. કરીને કબ્જો સોંપવામાં આવેલ. આ બનાવ સબંધે ફરિયાદ આપવામાં આવેલ જે આંક–૭ થી રજૂ છે.

ફરિયાદી સાહેદ આરોપીપક્ષ તરફેની ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી જેથી બનાવ અંગેની કોઈ જાત માહિતી નથી અને બનાવ વાળો રસ્તો હાઈવે રોડ છે અને ત્યાં સતત વાહનોની અવર–જવર રહે છે. વધુમાં ફરિયાદી સાહેદ કબુલ કરે છે કે, આરોપીનું નામ તેમને વાતો વાતો થી જાણવા મળેલ હતું.

(૭) આ કામે ફરિયાદપક્ષ તરફે આંક–૧૦ થી સાહેદ : સમરથસિંહ લાખીયારજી જાડેજાને તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, ગત તા.૨૧/૦૪/૨૦૨૫ ના રોજ તેઓ માતાનામઢથી નખત્રાણા બાજુ જતા હતા ત્યારે સાડા આઠેક વાગ્યે તેઓ હરણપીર દરગાહ પાસે પહોંચેલા ત્યારે રસ્તામાં એક મોટરસાયકલ રજી.નં. જી.જે.–૦૮–ડી.એફ.–૫૮૪૩ તથા બોલેરો વચ્ચે અકસ્માત થયેલ હતો અને બોલેરો ચાલક ત્યાંથી નાસી ગયેલ હતો અને મોટરસાયકલ રોડ ઉપર

પડેલ હતી અને એક વ્યક્તિ લોહીલુહાણ હાલતમાં હતો જેનું નામ ગોવિંદરામ મહેતા હતું અને તેઓ તેમને વાહનમાં નખત્રાણા હોસ્પિટલમાં લઈ ગયેલ અને તેમના સગા સબંધીઓને જાણ કરેલી અને ગોવિંદરામનું સારવાર દરમ્યાન અવસાન થયેલ. વધુમાં સાહેદ જણાવે છે કે, તેમને બોલેરોના નંબર હાલે ખબર નથી.

સાહેદ આરોપીપક્ષ તરફેની ઉલટતપાસમાં એવું કબુલ કરે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ ન હોઈ જેથી બનાવ અંગેની તેમને કોઈ જાત માહિતી નથી.

(૮) આ કામે ફરિયાદપક્ષ તરફે આંક–૧૨ થી સાહેદ : સંજયભાઈ ખેતાભાઈ ચૌધરીને તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૨૧/૦૪/૨૦૨૫ ના રોજ તેઓ ગૌશાળામાં જમવા આવેલ હતા ત્યારે ૮:૩૦ વાગ્યાના અરસામાં જાણ થયેલ કે, ગૌશાળામાં રસોઈ બનાવતા ગોવિંદરામ મહેતા તેઓની પોતાની મોટરસાયકલ રજી.નં. જી.જે.–૦૮–ડી.એફ.–૫૮૪૩ તથા બોલેરો વચ્ચે અકસ્માત થયેલ હતો અને બોલેરો ચાલક ત્યાંથી નાસી ગયેલ હતો અને મોટરસાયકલ રોડ ઉપર પડેલ હતુ અને એક વ્યક્તિ લોહીલુહાણ હાલતમાં હતો જેનું નામ ગોવિંદરામ મહેતા હતું અને તેઓ તેને વાહનમાં નખત્રાણા હોસ્પિટલમાં લઈ ગયેલ અને તેના સગાસબંધીઓને જાણ કરેલ અને ગોવિંદરામનું સારવાર દરમ્યાન અવસાન થયેલ. વધુમાં સાહેદે જણાવેલ છે કે, તેમને બોલેરોના નંબર હાલે ખબર નથી અને તેઓ આરોપીને ઓળખતા નથી.

સાહેદ આરોપીપક્ષ તરફેની ઉલટતપાસમાં એવું કબુલ કરે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ ન હોઈ જેથી બનાવ અંગેની તેમને કોઈ જાત માહિતી નથી.

(૯) આ કામે ફરિયાદપક્ષ તરફે આંક–૧૩ થી સાહેદ : કિરણભાઈ શંકરલાલ મહેતા તથા આંક–૧૪ થી વિક્રમભાઈ રંગનાથભાઈ મહેતાને તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૨૧/૦૪/૨૦૨૫ ના રોજ તેઓ ગામ માડકા મધ્યે હતા ત્યારે તેમના સબંધીએ તેમને ફોનથી જાણ કરેલ કે, ગૌશાળામાં રસોઈ બનાવતા ગોવિંદભાઈ મહેતા તેમની મોટરસાયકલ રજી.નં. જી.જે.–૦૮–એફ.ડી.–૫૮૪૩ તથા બોલેરો વચ્ચે અકસ્માત થયેલ હતો અને બોલેરો ચાલક ત્યાંથી નાસી ગયેલ હતો અને ગોવિંદભાઈ મહેતાને ગંભીર ઈજા થયેલ અને તેમને સારવાર માટે તેમને વાહનમાં નખત્રાણા હોસ્પિટલમાં લઈ ગયેલ અને ત્યારબાદ વધુ સારવાર માટે કે.કે.પટેલ હોસ્પિટલ ત્યારબાદ ભુજ જી.કે.જનરલ હોસ્પિટલ લઈ ગયેલ હતા જ્યાં તેમનું અવસાન થયેલ અને સાહેદો હોસ્પિટલમાં પહોંચેલ. વધુમાં સાહેદો જણાવે છે કે, તેમને બોલેરોના નંબર હાલ ખબર નથી અને તેઓ આરોપીને ઓળખતા નથી.

સાહેદો આરોપીપક્ષ તરફેની ઉલટતપાસમાં એવું કબુલ કરે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ ન હોઈ જેથી બનાવ અંગેની તેમને કોઈ જાત માહિતી નથી.

(૧૦) આ કામે ફરિયાદપક્ષે આંક–૧૫ થી સ્થાનિક જગ્યાનું પંચનામું, આંક–૧૬ થી ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૬૩(૪)(સી) નું પ્રમાણપત્ર, આંક–૧૭ થી મરણોત્તર પંચનામું, આંક–૧૮ થી અટક પંચનામું અને આંક–૧૯ થી પી.એમ.નોટ રજૂ થયેલ છે પરંતુ આરોપીની ગુન્હામાં સંડોવણી અંગે કોઈ સ્પષ્ટ પુરાવો ફરિયાદી કે સાહેદોના પુરાવાથી રેકર્ડ ઉપર આવેલ નથી. ત્યારે આ દસ્તાવેજી પુરાવાનું પુરાવાકીય મૂલ્ય ઘટી જાય છે અને ફક્ત તેના ઉપર આધાર રાખી શકાય નહીં.

(૧૧) આમ ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ પુરાવાનું મુલ્યાકંન કરીએ તો આ કામે તપાસવામાં આવેલા તમામ સાહેદો તેમની જુબાનીમાં

તા.૨૧/૦૪/૨૦૨૫ ના રોજ ગોવિંદરામ મહેતાના મોટરસાયકલને બોલેરો પીકઅપ વાહનના ચાલકે અડફેટે લેતા અકસ્માત થયેલ અને ગોવિંદરામ મહેતાનું મૃત્યુ થયેલ હોવાનું જણાવેલ છે અને સદરહુ સાહેદો પૈકી કોઈપણ સાહેદે બનાવ નજરે જોયેલ નથી. તેઓને બોલેરો પીકઅપના નંબર તથા ચાલક વિશે પાછળથી જાણવા મળેલ તેવુ તેમની જુબાનીમાં જણાવેલ છે તેમજ ઉલટતપાસમાં સાહેદો સ્વીકાર કરે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી અને બનાવ અંગે તેમને કોઈ જાત માહિતી નથી અને બોલેરો ચાલક પોતાનુ વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી રહેલ હોય તે મતલબનો કોઈ સ્પષ્ટ અને સચોટ પુરાવો રજૂ કરેલ નથી.

**(૧૨)** જેથી આ કામેના આરોપીએ બોલેરો પીકઅપ વાહન રજી.નં. જી.જે.–૧૫–એ.વી.–૯૮૮૮ વાળી પોતાની કબ્જાની ગાડી પુરઝડપે બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી હરણપીરની દરગાહ પાસે મથલ પાસે રોડ ઉપર ફરિયાદીશ્રીના પિતરાઈ ભાઈ મરણજનાર ગોવિંદરામ દેવશીભાઈ મહેતાની હિરો કંપનીની એક્સટ્રીમ મોટરસાયકલ જેના રજી.નં. જી.જે.–૦૮–ડી.એફ.–૫૮૪૩ વાળી સાથે સામેથી ભટકાડી અકસ્માત કરી ફરિયાદીશ્રીના ભાઈને જમણા હાથે તથા જમણા પગે તથા શરીરે છોલછાલની ઈજાઓ તથા માથના ભાગે ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચાડી મોત નિપજાવી નાશી જઈ ગુન્હો કરેલ હોવા અંગે એક વાજબી શંકા ઉત્પન્ન થાય છે અને આવી શંકાનું નિરાકરણ કરતો સચોટ, સ્પષ્ટ, પુરતો અને વિશ્વસનીય પુરાવો રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત અનુસાર તેનો લાભ આરોપીને આપવો જોઈએ. તેથી આરોપી ઉપર મુકવામાં આવેલ આરોપ બદલના આવશ્યક તત્વો નિ:શંકપણે સ્પષ્ટ, ચોક્કસ અને પુરતા પુરાવાથી પુરવાર થતા ન હોય આરોપી ઉપર મુકાયેલ આરોપ સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

*ચુકાદો*

**-:: હુકમ ::-**

(૧) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ–૨૭૧(૧) અન્વયે આરોપી : ઈશાક હાજી ચવાણ ઉ.વ.૩૮, ધંધો–ડ્રાઈવીંગ, રહે. મોટા ભાંડીયા, તા.માંડવી–કચ્છવાળાને ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૧૦૬(૧), ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી), મોટર વ્હીકલ એક્ટની કલમ– ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ– ૪૮૧ ની જોગવાઈ ધ્યાને લેતા આરોપીના જામીન તથા જામીનખત અપીલ સમય પૂર્ણ થાય ત્યાં સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૨૫, માહે : માર્ચ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તારીખ: ૨૫/૦૩/૨૦૨૬**

**નખત્રાણા–કચ્છ.**

**(રઘુવિરસિંહ અનીરૂદ્ધસિંહ ઝાલા)**
**અધિક ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ**
**નખત્રાણા–કચ્છ.**
**(GJ00938)**